# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે "વિશ્વ જમીન દિવસ" ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે તા. ૫ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ "વિશ્વ જમીન દિવસ" ની ઉજવણી માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી. સદર કાર્યક્રમમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, સોજીત્રાના બ્રાન્ચ મેનેજરશ્રી વિકાસકુમાર તથા શ્રી મહાવીરસિંહ, ફિલ્ડ ઓફીસર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં આણંદ જિલ્લાના કુલ ૪૬ ખેડૂત ભાઈઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડો. વાય.સી.લકુમ દ્વારા કાર્યક્રમમાં આમંત્રિત સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ વિશ્વ જમીન દિવસની અગત્યતા સમજાવી હતી. જેમાં તેઓએ જમીનનું પૃથ્થકરણ, જમીન આરોગ્ય પત્રક તેમજ જમીનને ક્ષારીય બનતી અટકાવવાના પગલાઓ તેમજ પ્રાકૃતિક કૃષિ અપનાવવા વિષે વિસ્તૃત માહિતી આપી હતી. ડૉ. આર.એમ.પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા આ વર્ષની થીમ "જમીન અને પાણી, જીવનનો સ્ત્રોત" વિશે જણાવી જમીન તથા પાણીની ગુણવત્તા અને સુધારણા માટેના વિવિધ મુદ્દાઓ તેમજ ખેતીમાં પાણીની બચત કરવા બાબતે વિસ્તૃતમાં ચર્ચા કરી. શ્રી વિકાસકુમાર દ્વારા ખેડૂતોને બેન્ક થકી પાક વીમો તથા અન્ય ખેતીના સાધનોની લોન લેવાના ફાયદાઓની સમજણ આપી હતી. ત્યારબાદ ડો. આઇ. એન. ભાભોર, વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા વધુ દુધ ઉત્પાદન મેળવવા, પશુ પોષણ તેમજ પશુ સ્વાસ્થ્ય જાળવવા બાબતે વિસ્તૃતમાં ચર્ચા કરી.

સદર કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન ડૉ. આર.એમ.પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા કરવામાં આવેલ હતું.



